
# S.U.G College of Education Vasna Ahmedabad

# સ્વની સમજ




ડૉ.કિરણબેન જયંતિલાલ પટેલ

# સ્વ સંકલ્પના ના વિકાસ માં શિક્ષકની ભૂમિકા

- વિધાયક સ્વ સંકલ્પના થકી લોકો,

સમસ્યાઓ સામે જજુમી શકે છે.
અન્ય સાથેનો તેઓનો વ્યવહાર ખૂબ સમજપૂર્વકનો હોય છે.
પોતાના મૂલ્યાંકનને શરમ વગર સ્વીકારી શકે છે.
પોતાની પ્રશંસા માટે અભિમાન નથી કરતા.
સતત આંતરનિરીક્ષણ કરે છે.
પોતાની જાતને સુધારવા માટે હંમેશા તત્પર રહે છે.

# સ્વ-સંકલ્પના ના વિકાસ માં શિક્ષકની ભૂમિકા



- **1. રોલ મોડલ હોવું :**
- શિક્ષકો જ ભાવિ સમાજ ના ઘડવૈયા છે, તેઓ વિદ્યાર્થીના બૌદ્ધિક, આત્મિક, ચારિત્રિક ગુણોનો વિકાસ કરે છે શિક્ષકના વ્યવહાર તથા ચારિત્ર્ય માંથી જ બાળક જીવન જીવવાની પ્રેરણા લે છે એટલે જ આપણે ત્યાં શિક્ષક ની ખૂબ પ્રતિષ્ઠા કરવામાં આવી છે જો શિક્ષક નું જીવન જીવન મૂલ્યો તેમ જ સિદ્ધાંત આધારિત હશે તો બાળક આપોઆપ એવું શીખશે

# પ્રોત્સાહન આપવું



- શિક્ષક જ વિદ્યાર્થીઓમાં પ્રોત્સાહન આપીને આત્મવિશ્વાસ, વધુ પ્રયાસો કરવાનું વલણ, સ્વાવલંબન જેવા ગુણોની ખીલવણી કરી શકે છે, ઘણીવાર વિદ્યાર્થીઓ જયારે નકારાત્મક ભાવનાઓ થી ઘેરાઈ જાય, નિરાશ બની જાય, પરીક્ષા વખતે ચિંતા કે તણાવ માં સરી જાય ત્યારે તેનામાં સિદ્ધિ પ્રેરણા જગાવી શકે છે
- શિક્ષકના શાબાશ, બહુ સરસ જેવા શબ્દો વિદ્યાર્થી ના વિકાસ માં પ્રાણ પૂરવાનું કામ કરે છે.

# આત્મસન્માન ની જાળવણી



- વિધાર્થીનું આત્મસન્માન તેના સમગ્ર વ્યક્તિત્વનો પાયો છે ઘરમાં માતા-પિતા અને શાળામાં શિક્ષકો તેના વ્યક્તિત્વને સ્વીકારે તેનું માન રાખે તો તેનામાં આત્મવિશ્વાસની વૃદ્ધિ થાય છે. શિક્ષકો વિધાર્થીઓને વર્ગખંડમાં માનથી બોલાવે તે આવકાર્ય છે પ્રત્યેક વિધાર્થી નું એક અનન્ય વ્યક્તિત્વ તરીકે સ્વીકાર તેને એક ગૌરવ પ્રદાન કરે છે

# સલાહકાર તરીકેની ભૂમિકા




- શિક્ષણનો હેતુ કોઈની દંડ કરવાનો નથી હોતો પણ સામી વ્યક્તિને સામાજિક શિષ્ટાચાર અને સુયોગ્ય વ્યવહાર તરફ વાળવાનો હોય છે. શિક્ષકે વિદ્યાર્થીઓ ના ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ તરીકેની ભૂમિકા ભજવવાની હોય છે, જે વિદ્યાર્થીઓ નકારાત્મક બન્યા હોય, દાદાગીરી, ચોરી કે અન્ય દૂષણો તરફ વળ્યા હોય તેઓની સાથે સલાહકાર બનીને તેઓ ના વિકાસ માં સુધારાત્મક ભૂમિકા ભજવવાની હોય છે.

# આવેગો પર નિયંત્રણ



- શિક્ષકના વ્યક્તિત્વમાં તો આ ગુણ ની આવશ્યકતા હોય જ પણ તેઓ વિદ્યાર્થીઓમાં ભય, ઈર્ષ, લડાયક વૃત્તિ, સંગ્રહખોરી, હિંસા, ક્રોધ જેવા આવેગોનું હકારત્મક મહત્વ સમજાવે અને તેના ઉપયોગ ના ગેરફાયદા થી પરિચય કરાવે તે પણ જરૂરી છે, એટલે કે શિક્ષકે વિદ્યાર્થીઓ ની નકારાત્મક અભિવ્યક્તિનું હકારાત્મક ઉર્ધ્વીકરણ થાય તે દિશામાં પ્રયત્નો કરવાના હોય છે

# ઓળખની કટોકટીમાં સહાયરૂપ બનવું




- આપણે આગળ જોયું કે ત્રણ થી 16 વર્ષ દરમિયાન પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બાળકોમાં પહેલ વિરુદ્ધ અપરાધ, ઉદ્યમ શીલતા વિરુદ્ધ લઘુતા અને ઓળખ વિરુદ્ધ ભૂમિકા દ્વિધા અનુભવાય છે શિક્ષકોએ વિદ્યાર્થીઓની વ્યક્તિત્વ વિકાસ ની આવશ્યકતાઓ સમજીને તેઓને આ કટોકટીમાંથી સ્વસ્થતાપૂર્વક બહાર લાવવા માટે એક મનોવૈજ્ઞાનિક અભિગમથી કામ લેવું જોઈએ

# રોજનીશી લેખન



- વિદ્યાર્થીઓમાં રોજનીશી લખવાની ટેવ નો વિકાસ કરી શકાય, આ પ્રકારના લેખનકાર્ય થી વિદ્યાર્થી પોતાની શક્તિ અને મર્યાદાઓનું સફળ આકલન કરતો થાય છે, એનાથી સ્વ -સંકલ્પના ના વિકાસ માં એક ગુણાત્મક પરિવર્તન અને ઝડપ આવે છે હું, મારા જીવનનું ધ્યેય, જીવનના પડકારો વગેરે વિષયો પર નિબંધ લેખન પણ કરી શકાય. ટૂંકમાં જે પ્રવૃત્તિ વિદ્યાર્થીને પોતાના સ્વના વિકાસમાં મદદરૂપ થાય અને તેને વિધાયક બનાવી તે પ્રવૃત્તિઓનો સમાવેશ શિક્ષકે અધ્યાપનની સાથે કરવો જોઈએ

# જાતિગત સમાનતા જાળવવામાં  શિક્ષકની ભૂમિકા

- 1. પરંપરાગત માન્યતાઓમાં બદલાવ : છોકરો અને છોકરી બંને આ સમાજના પ્રતિનિધિ છે બંનેનો સમુચિત વિકાસ જ સમાજનું સમતુલિત વિકાસ સાધી શકશે, આથી પરંપરાગત માન્યતાઓમાં બદલાવ લાવી છોકરો અને છોકરી એક સમાન છે તેવી ભાવના વિકસાવવી જોઈએ



# જેન્ડર ના ખ્યાલ ની સમજુતી આપવી

- જેન્ડર એ  એક બૌદ્ધિક ખ્યાલ છે,  આ ખ્યાલ જન્મજાત નથી આ શીખેલો ખ્યાલ છે તે જે રીતે વાતાવરણમાં ઉછેરતો જાય છે તેમ તેમ વિકસતો જાય છે તેમાં કુટુંબ,  શાળા, સમવયસ્કો ,  સમૂહમાધ્યમો મહત્વની ભૂમિકા ભજવે છે શિક્ષકે  એવું પણ શીખવવું પડશે કે છોકરો અને છોકરી ના શારીરિક ભેદભાવ એ લેગિક તફાવત માત્ર છે અને જાતિગત ભૂમિકા એ સામાજિક વ્યવસ્થા છે



# વિષય શિક્ષણમાં સમાનતા

- અમુક વિષયો માત્ર છોકરાઓ જ ભણે અને અમુક વિષયો માત્ર છોકરીઓ જ ભણે એવો ખ્યાલ સમાજમાંથી દૂર કરવો પડશે . અહીં જ શિક્ષકો એ છોકરાઓ અને છોકરીઓ ગણિત, વિજ્ઞાન,  યંત્ર જેવા વિષયો શીખવામાં બંને કાબેલ છે તેવા મનોવલણો કેળવવામાં પોતાની ભૂમિકા ભજવવી પડશે હોમસાયન્સ તો  બહેનો  જ ભણે અને યંત્ર વિજ્ઞાન છોકરાઓ જ ભણે એવા બીબાઢાળ ખ્યાલ માંથી પોતે તો મુક્ત થવાનું જ છે પણ વિદ્યાર્થીઓને પણ મુક્ત કરવાના છે



# સહઅભ્યાસ પ્રવૃત્તિઓ માં તટસ્થતા

- બાલમંદિર કે નર્સરીમાં ભણતા નાના બાળકોમાં છોકરીઓ ઢીંગલી રમે કે ઘર ઘટ્ટા રમે, દોરડા કૂદે અને છોકરાઓ બંદૂક કે ટ્રક ચલાવે તેવા વલણો ને બદલે બધા સાધનો અને રમતોમાં બધાની શામિલ ગીરી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. શાળામાં થતી દરેક પ્રવૃત્તિમાં છોકરાઓ અને છોકરીઓ ને સમાન તકો મળે એવી વ્યવસ્થા કરવી જોઈએ અને બીબાઢાળ માન્યતાઓને દૂર કરવી જોઈએ



# તટસ્થ ભાષા પ્રયોગ

- ભણાવતી વખતે શિક્ષક ની ભાષા વિદ્યાર્થીઓના મન પર પ્રત્યક્ષ અસર પહોંચાડે છે અને તેઓનું મોટાભાગનું શિક્ષણ શિક્ષકોના અધ્યાપન શ્રવણ દ્વારા થાય છે. ભણાવતી વખતે શિક્ષકે હતો/ હતી કરતો / કરતી એમ સ્પષ્ટ  ભેદયુક્ત ભાષા બોલવાની બદલે બંનેનો સમાવેશ થાય એવી ભાષા ઉપયોગમાં લેવાનું શીખવવું જોઈએ, જ્યારે જ્યારે પણ ઉદાહરણો રજૂ થાય ત્યારે વ્યક્તિનુનો  ઉલ્લેખ થવો જોઈએ,  જેમાં બંનેનો સમાવેશ થાય એનાથી એવી સમજ કેળવાય છે કે છોકરો અને છોકરી બંને એક વ્યક્તિ છે એક માનવ છે



# પાઠ્યપુસ્તકોના ઉપયોગમાં સમાનતા

- એન સી આર ટી એ જેન્ડર પૂર્વગ્રહ રહિત પાઠ્યપુસ્તકોની રચના થાય તેવા વિશેષ પ્રયાસો અને તાલીમનું આયોજન કરીને તેનું નિર્માણ કરવાની વ્યવસ્થા હાથ ધરી છે, જેમકે પાઠ્ય પુસ્તકમાં દરેક જગ્યાએ ડોક્ટર તરીકે પુરુષનુ ચિત્ર હોય તો સમજાવી શકાય કે સ્ત્રીઓ પણ ડૉક્ટર તરીકે સરસ સેવાઓ આપી શકે છે ગણિત ભણાવતી વખતે બધી રકમ માં છોકરાઓનો ઉલ્લેખ હોય તો અન્ય ઉદાહરણો માં છોકરીઓ ના ઉદાહરણો રજૂ કરી શકાય આમ પાઠ્યપુસ્તકમાં જાતિગત ભેદભાવ ની બાબતોને ધ્યાનમાં રાખીને પાઠ્યપુસ્તક નું અધ્યયન કરવાનુનો દ્રષ્ટિકોણ વિકસાવવો જોઈએ




# અધ્યયન પ્રક્રિયા માં સમાન ભાગીદારી

- શાળામાં છોકરાઓ ની અપેક્ષા એ છોકરી ઓછું બોલે છે અને શરમ સંકોચ અનુભવે છે કેમ કે સામાજિક રીતે તેઓને એવું શીખવવામાં આવ્યું છે, અહીં શિક્ષકની ભૂમિકાએ બને છે કે છોકરીઓને બોલવામાં પ્રોત્સાહિત કરે વર્ગખંડમાં જુથકાર્ય કરાવતી વખતે છોકરીઓને નેતા બનવાની તક આપવી જોઈએ, જેથી બંનેના સંબંધોમાં સરખો વિકાસ કરવાની તક પૂરી પાડી શકાય. છોકરાઓ અને છોકરીઓ બંને પ્રશ્નોત્તરીમાં ભાગ લે તેવું વાતાવરણ સર્જવું જોઈએ



# જાતીય શિક્ષણ

- જાતીય શિક્ષણ પરત્વે હજી આપણા સમાજમાં તંદુરસ્ત વલણ કેળવાયું નથી એ હકીકત છે, પણ સમાજમાં વધતા જતા જાતીય સતામણીના બનાવો અને સ્ત્રી શોષણ ની ઘટનાઓ જોતા જાતીય શિક્ષણને પ્રાધાન્ય આપવાની જરૂર છે વિજ્ઞાનમાં આ વિષય હોવા છતાં શિક્ષકો એને વાંચીને તૈયાર કરી દેવાનું કહેતા હોય છે પણ વૈજ્ઞાનિક તથ્યો અને મનોવૈજ્ઞાનિક સમજ થકી વિદ્યાર્થીઓ આ બાબતને શીખશે તો તરુણાવસ્થામાં ઉદ્ભવતી મૂંઝવણમાં માર્ગદર્શન મળી રહેશે, ઘરમાં પણ માતા-પિતા જવલ્લે આ અંગે જ્ઞાન આપતા હોય છે, એ સંજોગોમાં શિક્ષક જ આ દિશામાં યોગ્ય માર્ગદર્શન આપી શકે, બને તો નિષ્ણાતો અને ડોક્ટરોની મદદ લઈને પણ આ શિક્ષણની વ્યવસ્થા કરવાની અનિવાર્યતા હવે સમજવાની જરૂર છે



# હકો અને ફરજો નું જ્ઞાન

- ભારતીય બંધારણ સ્ત્રી અને પુરુષોને સમાન હકો આપ્યા છે પ્રત્યેક પાઠ્યપુસ્તકના પ્રથમપાન ઉપર તેનો ઉલ્લેખ પણ છે છતાં ભાગ્યે જ કોઈ વિદ્યાર્થી તેના પ્રત્યે સભાન હોય છે જ્યારે સ્ત્રીઓ ભયમુક્ત અને સલામત હોવાનો અનુભવ કરશે ત્યારે જ આપણે સલામત અને સુરક્ષિત રાષ્ટ્રનું નિર્માણ કરી શકીશું, ઘર, સમાજ અને જાહેર સ્થળોએ જોવા મળતા ભેદભાવ પ્રત્યે છોકરાઓ અને છોકરીઓ બંને ને જાગૃત કરવા જરૂરી છે, શિક્ષકો આ અંગે પરિસંવાદનું આયોજન કરીને જાગૃતિ લાવવાના અભિયાનમાં જોડાઇ શકે.

